નં.એકેડમિક/૩૩૯૫૦/૨૦૧૩ તા. ૧૭-૭-૨૦૧૩

પ્રતિ,

ગુજ.યુનિ.સંલગ્ન બી.બી.એ./બી.સી.એ.(અમદાવાદ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના)
કોલેજોના ડાયરેકટરશ્રી/ટ્રસ્ટીશ્રીઓ તેમજ આચાર્યશ્રી તરફ

વિષય- શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ના બી.બી.એ./બી.સી.એ.ના રીશફલીંગ બાદ કોલેજમાં ખાલી રહેલ સીટો કોલેજ કક્ષાએથી ભરવાની મંજૂરી બાબતે.

શ્રીમાન,

સવિનય આપશ્રીને ઉપરોકત વિષય અનુસંધાને શૈ.વર્ષ.૨૦૧૩-૧૪ માટેની પ્રથમ સેમેસ્ટર બી.બી.એ./બી.સી.એ. કોલેજોમાં પ્રવેશ કાર્યવાહીમાં પ્રથમ તેમજ દ્રિતીય કાઉન્સેલીંગ (રીશફલીંગ) પૂર્ણ થયા બાદ કુલ મંજૂર થયેલ ઇન્ટેકની મર્યાદામાં ખાલી પડેલ સીટો અન્વયે માન.કુલપતિશ્રીના આદેશાનુસાર આપશ્રીને મેરીટના ધોરણે કોલેજ કક્ષાએથી ભરવાની મંજૂરી આપવામાં આવે છે, જેમાં નીચે મુજબની શરતો તેમજ સુચનોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**૧:**બી.બી.એ./બી.સી.એ.ના ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાંથી મેળવી નિયત પ્રવેશ ફોર્મ વિધાર્થીઓ પાસે ભરાવી તેમાં દર્શાવેલ તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરી વિધાર્થીના ફોર્મ સહિતની યાદી તમામ જરૂરી દસ્તાવેજ સાથે યુનિવર્સિટી બી.બી.એ./બી.સી.એ.ના સેલ, IAS સેન્ટર પર ચકાસણી કરાવવાની રહેશે.

**૨:**એડમીશન અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ જ વિધાર્થીને પ્રવેશ આપવાનો રહેશે.

**૩:**પ્રવેશ આપેલ વિધાર્થીની ફી (યુનિ.દ્રારા નકકી કરાયેલ બી.બી.એ.ની નિયત ફી રૂા.૭૦૦૦/-વિધાર્થી દીઠ) તથા બી.સી.એ.ની નિયત ફી રૂા.૯૦૦૦/-કોલેજ કક્ષાએથી જ લેવાની રહેશે. કોઇપણ પ્રકારની વધારાની ફી કોઇપણ હેડ હેઠળ લઇ શકાશે નહી જેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**૪:**પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ સૂચનાનો અમલ ચૂસ્તપણે સંસ્થાએ કરવાનો રહેશે.

**૫:**યુનિવર્સિટીની મંજૂરી વગર અપાયેલ પ્રવેશનું એનરોલમેન્ટ થશે નહી, તથા તેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે. તેમજ વધારાની કોઇપણ પ્રકારની ફી કોઇપણ હેડ હેઠળ લઇ શકાશે નહીં.

**૬:**પૂરક પરીક્ષામાં પાસ થયેલ વિધાર્થીને પ્રવેશ આપી શકાશે નહીં.

કા.કુલસચિવ,